


# અખલાકે સલફ

લેખક

શૈખ અબ્દુલ વહહાબ શઅરાની (રહ.)

અનુવાદક

મૌલાના મુહમ્મદ ઈદ્રીસ પટેલ ફલાહી વરેઠી

પ્રકાશક

ઈદારહ ફૈઝે દારૈન

મુ.પો. વરેઠી – ૩૯૪ ૧૧૦, વાયા–કીમ, જિ. સૂરત.

ફોન : ૦૨૬૨૩ – ૨૩૩૨૬૨ મો. : ૯૮૭૯૨ ૪૧૫૬૪

## અનુક્રમણિકા


| અ.નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧ | અનુવાદકની વાત | ૧ |
| ૨ | ઈશરાફથી બચવું | ૩ |
| ૩ | મેહમાન નવાઝી | ૪ |
| ૪ | કરામતને સંતાડવું | ૫ |
| ૫ | દોસ્તોની ખબરગીરી | ૭ |
| ૬ | શૈતાનથી લડાઈ | ૯ |
| ૭ | ફર્કે મરાતિબ | ૧૧ |
| ૮ | હસવાનું ઓછુ | ૧૨ |
| ૯ | ગુનાહો પર ખૌફ | ૧૫ |
| ૧૦ | જનાઝાથી ઈબ્રત | ૨૧ |
| ૧૧ | મૌતને પ્રિય રાખવું | ૨૩ |

# (૧) અનુવાદકની વાત

બધા જ વખાણો તે અલ્લાહને પાત્ર છે જે આકાશો અને જમીનો તથા તે બન્નેના વચ્ચેની બધી જ વસ્તુઓનો સર્જનહાર છે. જેણે માનવીનું સર્જન કરી તેને ખરો અને ખોટો બન્ને માર્ગોનું માર્ગદર્શન આપ્યુ અને બન્નેમાંથી ઈચ્છે તે માર્ગનું અનુકરણ કરવાનો તેને અધીકાર આપ્યો.

લાખો દરૂદો સલામ અલ્લાહ તઆલાના તે અંતિમ અને મહાન પયગમ્બર પર જેમને શ્રેષ્ઠ અખલાકને પુર્ણ કરવા માટે આ જગતમાં મોકલવામાં આવ્યા અને તેઓ પોતે પણ '' ખુલુકે અઝીમ '' સર્વશ્રેષ્ઠ કે સર્વથી ઉંચા અખલાક પર બિરાજમાન હતા. દરૂદ વ સલામ તેમના ઉપર અને તેમના તે સાથીઓ એટલે સહાબા (રદિ.) પર જેમણે ઉચ્ચ અને શ્રેષ્ઠ અખલાકનો તે નમૂનો પેશ કર્યો જેનો દાખલો આપવાથી જગતનો માનવી આજિઝ છે. પછી ઉમ્મતના તે પુર્વજો બુઝુર્ગો પર જેમણે શ્રેષ્ઠ અખલાકમાં નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને સહાબા (રદિ.) નું અનુકરણ કરી માનવીને તે ઉચ્ચ અખલાકનું માર્ગદર્શન આપ્યું.

**હમ્દ વ સલાત પછી :** આપણે આપણા પ્યારા નબી મુહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આ પ્યારી હદીષ ઘણી વખત સાંભળી છે. '' તખલ્લકુ બિ અખલાકિલ્લાહિ '' અર્થ અલ્લાહ તઆલાના અખલાકના જેવા અખલાકો પોતાના અંદર પૈદા કરો. અલ્લાહ તઆલા પોતાની મખલુકના સાથે માફી દરગુઝર બુર્દબારી વગેરે જે અખલાકોથી વર્તે છે તે અખલાકો પોતાના અંદર પૈદા કરો ઉપરાંત અલ્લાહ તઆલા અને તેના નબી



સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ જે અખલાકની તા'લીમ આપી છે તે અખલાક પોતાના જીવનમાં લાવવાના પ્રયત્નો કરો.

આ અખલાકનું માર્ગદર્શન આપણને સલફે સાલિહીન એટલે આપણા પુર્વજો નેક બુઝુર્ગોના જીવનથી મળે છે. જો આજનો મુસલમાન તેનું અનુકરણ કરે તો આજની દુનિયામાં તે એક સર્વ શ્રેષ્ઠ માનવી તરીકે પોતાનું જીવન ગુજારી શકે છે.

બંદાના ઝાંબિયાના રોકાણ દરમિયાન કરાંચીથી પ્રકાશિત થતું ઉર્દૂ માસિક '' સુલૂકો એહસાન '' ના અમુક અંકો વાંચવાનો મોકો મળ્યો જેમાં પુર્વજો બુઝુર્ગોના અખલાક વિશે શૈખ અબ્દુલ વહહાબ શઅરાની (રહ.) ના અમુક લખાણો પ્રકાશિત થયા હતા. બંદાએ તે જ સમયે તેનો ગુજરાતી અનુવાદ કર્યો હતો. જેને આમ મુસલમાનોના ફાયદા માટે આ નાનકડી પુસ્તિકાની શકલમાં રજૂ કરું છું.

અલ્લાહ તઆલાથી દુઆ છે કે આમ મુસલમાનોને એનાથી ફાયદો ઉઠાવવાની તૌફીક આપે અને આ ગુનેહગાર બંદાના માટે આખેરતમાં નજાતનો ઝરીયો બનાવે. આમીન...

મુહમ્મદ ઈદ્રીસ પટેલ ફલાહી વરેઠી

૧૧ જુમાદા અલઉલા ૧૪૨૮

તા. : ૨૮ મેં ૨૦૦૭

## (૨) ઈશરાફ્થી બચવું.

'ઈશરાફ' એટલે કોઈના હદિયા તોહફા પર નઝર રાખવું.

સલફે સાલિહીનના આખલાકમાંથી એક આ છે કે, કોઈના તોહફા પર નજર રાખતા ન હતા જો કે તે માણસ હિજાઝથી આવ્યો હોય કે શામથી આવ્યો હોય. દિલમાં આ ખ્યાલ ન લાવતા કે પેલો મારા માટે કોઈ કપ્ડુ જોડો કે ફ્રુટ વગેરે મોકલશે, આવી વાતોથી પોતાના દિલને ખાલી રાખતા હતા.

એવી જ રીતે કોઈ એવા માણસને હદિયો દેતા જે સફરથી આવ્યો હોય તો એના બદલામાં તે કંઈ દેશે એની પણ રાહ ન જોતા બલ્કે દિલને આવા વિચારોથી ખાલી રાખતા.

હા ! આ કોઈનાથી બદગુમાનીના લઈને ન કરતા બલ્કે પોતાના અંદર લાલચ ન હોવાના લઈ કરતા.

હે મિત્ર, ખૂબ વિચાર અને યાદ રાખ કે જો તું કોઈને તોહફો મોકલે અને તને તારા મિત્રની સારી આદતની જાણ હોય કે તે તને એનો બદલો આપશે તો તારા માટે યોગ્ય આ છે કે તું કોઈના સાથે તારા મિત્ર પર કહેવાડી દેય કે " આ કોઈ એવી વસ્તુ નથી જેનો બદલો દેવો જરૂરી હોય. તારો મિત્ર તને કસમ આપે છે કે તેના માટે એનો બદલો મોકલીશ નહીં. " જેથી તે બદલો દેવાના બોજથી હલકો રહે તે જોએં તો એક સેકંદ માટે હોય.

એક વખત મેં પોતાન મિત્ર શૈખ શમ્સુદ્દીનના પાસે થોડોક તોહફો મોકલ્યો તો તેમણે એનાથી ઘણો વધારે બદલો આપ્યો જેનાથી મને તેમની મોટી માણસાઈ માલમ પડી.



પરંતુ આ વાત યાદ રાખવી જોઈએ કે પ્રથમ હદિયો મોકલવું શરીઅતની દ્દસ્તીએ મત્લૂબ (આવકાર્ય) છે. ખાસ કરીને જે લોકોમાં છુપી દુશ્મની હોય. કેમકે હદીસ શરીફમાં છે " તહાદૂ તહાબ્બૂ " એટલે કે ' એક બીજાને હદિયો આપો આપસમાં મોહબ્બત વધશે. '

બીજી હદીસ શરીફમાં છે કે 'તોહફો કીનાને દૂર કરે છે.'

હે મિત્ર ! શરઈ તરીકા પર તોહફાની શરૂઆત કર, અને જે સફરથી (બહારથી) આવે તેનાથી હદિયાની ઉમ્મીદ ન રાખ, અને જેને તું તોહફો દેય તેનાથી બદલાની રાહ ન જો.

જો તું આ વાતોના વિરૂદ્ધ કરશે તો સલફના તરીકાથી નીકળી જશે. આને ખૂબ યાદ રાખ.

(સૂલૂકો એહસાન જુમાદા અલ ઉલા ૧૪૧૮, પાના–૬૨)

## (૩) મેહમાન નવાઝી

સલફે સાલિહીનના અખલાકમાંથી એક આ છે કે મેહમાન નવાઝી પર પાકો ઈરાદો રાખતા કેમકે, મેહમાન પોતાની રોજી ખાઈ છે.

શૈખ અબ્દુલ હલીમ બિન મુસલિહ (રહ.) પોતાના મેહમાનને કસમ આપતા હતા કે જયાં સુધી તું આ શહેરમાં રહે કોઈને ત્યાં ખાવાનું ન ખાશે. તો મેહમાન ત્યાર બાદ કદી કદી આવતો. મેં શૈખથી આ વિશે કહ્યું તો ફરમાવવા લાગ્યા " મેં આના જ પાકા ઈરાદાથી ઈઝઝત મેળવી છે કેમકે મેહમાન તો પોતાની જ કિસ્મત ખાઈ છે જો હું તેની સેવા ન કરું તો પણ બની

શકે છે કે ઘણી વખત મારી મરજી વિરૂદ્ધ મારે ત્યાંથી ખાઈ જાય. અને હું તેના તથા અલ્લાહ તઆલાના સમક્ષ બૂરો બનું.

મેં હઝરત શૈખ મુહંમદ શનાવરી (રહ.) અને શૈખ અબ્દુર્રઝઝાક બુખારી (રહ.) ની ઔલાદના સાથે આ જ વર્તાવ કર્યો છે. તે લોકો મારે ત્યાં ત્રણ મહીના રહ્યા. જયારે તેઓ બીજાને ત્યાં ખાવાનું ખાતા તો હું તેમના પર ઘણો જ નારાજ થતો તેથી તેઓ ખૂશ થતા અને તેઓનો આ વિચાર દૂર થઈ જતો કે તે લોકો મારા પર બોજ છે.

હે મિત્ર ! આને યાદ રાખ.

(સુલૂકો એહસાન જુમાદા અલ ઉલા ૧૪૧૮ – પાના. ૬૩)

## (૪) કરામતને સંતાડવું.

સલફે સાલિહીનના અખલાકમાંથી એક આ છે કે પોતાના યુગના જે લોકો કરામતોને માનતા ન હતા તેમનાથી કરામતોને સંતાડતા કેમકે તેમના સામે કરામતોને જાહેર કરવાથી કોઈ ફાયદો નથી. હા ! જો કોઈ દીની મસલેહત હોય તો જાહેર કરવામાં કોઈ વાંધો નથી.

હું જે સમયે આ જગ્યાને લખી રહ્યો હતો એક માણસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ખ્વાબમાં જોયા. આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ તેના સાથે એક સહીહ નિશાની આપીને મારા પર અસ્સલામુ અલયકુમ કહેવાડયુ. તેણે આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી એક મસ્અલો પુછયો તેનો ઉત્તર  આપ્યો પણ તે માણસની સમજમાં ન આવ્યો જયારે



રસૂલુલ્લાહુ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ તેની અકકલમાં આવતુ ન જોયું તો તેને હુકમ ફરમાવ્યો તું મિસર જા અને શઅરાની નું ઠેકાણું પુછ તે તને સમજાવી દેશે. આ માણસ જુરજાનો રહેવાસી હતો. આ સવ્પનું જોયા પછી સફર કરીને તે મિસર આવ્યો અને મારું ઠેકાણું પુછી મને મળવા આવ્યો અને કહેવા લાગ્યો મારું મિસરમાં કોઈ કામ નથી ફકત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના હુકમ પર તમને મળવા આવ્યો છું. પછી મને મસ્અલો પુછયો જે મેં અલ્લાહ તઆલાના ફઝલથી સાફ સાફ સમજાવી દીધો.

સલફે સાલિહીન પોતાના અનુયાયીઓમાંથી કોઈને પરવાનગી ન આપતા કે જજનો હોદ્દો અથવા કોઈ જાતની અમાનતદારી જેનાથી બચવું મુશકેલ હતું એવી વસ્તુને ઈખ્તિયાર કરે. પરંતુ શરીઅતના રીતે જો આ હોદ્દા પર તે જ માણસ નકકી થઈ જાય તો થીક કેમકે એનો ઈન્કાર કરનાર માટે વઈદ (ધમકી) આવી છે.

હઝરત ઈમામ અબૂ હનીફા (રહ.) ને જજ બનવા માટે મજબૂર કરવામાં આવ્યા અને આપ રાજી ન થયા તો જેલમાં પૂરી દેવામાં આવ્યા અને દરરોજ આપને જેલથી બહાર કાઘવામાં આવતા અને મારવામાં આવતા એવી જ રીતે ઘણા દિવસો સુધી થતુ રહ્યું કે જેથી માની જાય. પરંતુ આપ માનતા ન હતા. અહીં સુધી કે અમુક દિવસો તો આપ બાળકોના જેમ રડતા અને ફરમાવતા " ઘણા જ જાઈઝ કામો હોય છે જેને જજ નાજાઈઝ કહી દેય છે અને ઘણા નાજાઈઝ કામોને સહીહ સમજે છે. " આપને કેદ કરનાર ઈબ્ને હુબૈર વઝીર હતો.

અમુક જગાના જજો વિશે મેં સાંભળ્યું કે જયારે કોઈ મેહસૂલ તેમના પાસે નથી આવતુ તો માલદાર લોકો પર જુઠ્ઠા કેસો ઉભા કરી દેય છે કે તેમને આ જ રીતે કઈંક મળી જાય.

જયારે આવી જ વાતો છે તો પછી કઈ રીતે સાચાને સાચુ અને જુઠ્ઠાને જુઠ્ઠુ બતાવે. માટે આજ કાલ સલામતી આમાંજ છે કે માણસ કોઈ જાતની હોદ્દાની ઈચ્છા ન કરે. હા ! જો શરીઅતના તોર પર તે નકકી થઈ જાય અથવા મજબૂર કરવામાં આવે તો તે મઅઝૂર છે.

(સુલૂકે એહસાન ઝૂકઅકદ ૧૪૧૮ માર્ચ ૧૯૯૮, પાના–૫૮)

## (૫) દોસ્તોની ખબરગીરી

સલફે સાલિહીનના અખલાકમાંથી આ એક છે કે દોસ્તોના હાલાત પૂછતા રહેતા અને તે એમ જ બેકાર નહીં બલ્કે એટલા માટે કે ખાવા, કપડા, પૈસા કર્ઝને અદા કરવા વગેરેમાં મદદ કરે. પરંતુ આજે આ આદત ન જેવી થઈ ગઈ બલ્કે લોકો આના વિરૂદ્ધ ચાલી રહ્યા છે વધુ પડતા લોકો પોતાના દોસ્તોથી પુછે છે “ કે કેમ છો ? ” તો તે ઉત્તર આપે છે ‘ હું સારો છું અલહમ્દુલિલ્લાહ ’ અને અસલ હકીકતને છુપાવી રાખે છે. કેમકે તેને ખબર છે કે મારા મિત્રને મારી ફિકર નથી. ઉપરાંત દોસ્તની ખબર પૂછવી પણ એક શબ્દ છે જેની આદત પડી ગઈ છે. એનો કોઈ નતીજો નથી.

આપણે જોઈએ છે કે લોકો ચાલતા ચાલતા મિત્રની ખબર પૂછે કે ‘ કેમ છો ? ’ અને જવાબની પણ રાહ નથી જોતા એટલે કે ન તો પૂછનાર જવાબ માટે ઉભો રહે છે અને ન તો જેનાથી પુછવામાં આવ્યુ છે તે જવાબ દેવાની તકલીફ ઉઠાવે છે.



એટલા જ માટે હઝરત અલી ખવાસ (રહ.) ફરમાવે છે કે “ જો તમો તમારા મિત્રની મદદ કરવા કે તેનો ગમ ઉઠાવવા નથી ઈચ્છતા અથવા તેના માટે દુઆ કરવા નથી ચાહતા તો મિત્રથી તેની હાલત કદી પુછો નહીં. કેમકે આ મુનાફકત છે. ”

હઝરત માલિક ઈબ્ને દીનાર (રહ.) થી પુછવામાં આવ્યું કે, તમારી તબીયત કેવી છે ? તો ઉત્તરમાં ફરમાવ્યું “ મને ખબર નથી કે જન્નતમાં જઈશ કે દોઝખમાં. ”

એવી જ રીતે હઝરત ઈમામ શાફિઈ (રહ.) થી પુછવામાં આવ્યું “ કે મિઝાજ કેવો છે ? ” તો આપે ફરમાવ્યું “અલ્લાહ તઆલાની રોજી ખાંઉ છું અને તેનો શુક્ર અદા નથી કરતો. ”

હઝરત અબૂ દરદા (રદિ.) થી પણ આ જ પુછવામાં આવ્યુ તો ફરમાવ્યું “ જો હું આગથી બચી જાંઉ તો સારો છું. ”

એક સમયે હઝરત માલિક ઈબ્ને દીનાર (રહ.) થી આ જ સવાલ થયો તો તેમણે કહ્યું “ મારી ઉંમર ઓછી થતી જાય છે અને ગુનાહ વધતા જઈ રહ્યા છે. ”

હામિદ લિફાક (રહ.)થી પુછવામાં આવ્યું તો ફરમાવ્યું “ખૈર આફિયત છે. ” તો હઝરત હાતિમ અસમ (રહ.) એ કહ્યું “ હે હામિદ ! ખૈર આફિયત તે સમ્યે થશે જયારે પુલે સિરાત પાર કરી જન્નતમાં દાખલ થઈ જશો ” તો હામિદ (રહ.) એ કહ્યું “તમે થીક કહ્યું”.

હે મિત્ર ! આ વાતોનો ખ્યાલ રાખ.

(સુલૂકો એહસાન ઝુકઅદહ ૧૪૧૮, માર્ચ ૧૯૯૮ પાના ૫૯)

## (૬) શૈતાનથી લડાઈ

સલફે સાલિહીનના અખલાકમાંથી એક આ છે કે, શૈતાન સાથે લડાઈથી પીછે હત ન કરતા અને ન તો તેના ધોકા અને સંતાવાની જગ્યાઓની શોધમાં આળસ કરતા અને આ આદતથી આજ કાલ વધુ પડતા લોકો ગાફિલ અને બેફિકર છે. હોવું તો એવું જોઈએ કે જેવી રીતે શૈતાન આપણને ધોકો દેવાથી ગાફિલ નથી એવી જ રીતે આપણે પણ તેનાથી ગાફિલ નહીં રહેવું જોઈએ. તે તો દરેક સમયે તાકમાં લાગેલો હોય છે અને એનું કામ જ આ છે કે મનુષ્યને અલ્લાહ તઆલાના ગુસ્સામાં નાખે.

હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ (રહ.) ફરમાવે છે કે "જયારે શૈતાન માણસથી ત્રણ વાતોમાંથી એક મેળવી લે છે તો કહે છે કે હવે મને વધારાની જરૂર નથી. (૧) ઘમંડ કરવું (૨) પોતાના અમલોને વધારે સમજવા (૩) પોતાના ગુનાહોને ભુલી જવું એક રિવાયતમાં ચાર વાતો આવી છે. (૪) પેટ ભરીને ખાવું અને આ બધાની જળ છે કેમકે બાકીની ત્રણે એનાથી જ જન્મે છે

રિવાયત કરવામાં આવ્યું છે કે, શૈતાન હઝરત જુનૈદ બગદાદી (રહ.) ના પાસે મનુષ્યની શકલમાં આવ્યો. ગોડરી પહેરી ગળામાં તસ્બીહ નાખી અને સેવકના જેમ કમર બાંધીને આપના પાસે આવીને કહ્યું ' હઝરત હું તમારી સેવામાં રહેવાનો ઈચ્છુક છું. કદાચ હું તમારી બરકતોને પ્રાપ્ત કરી શકું ' તે આપની સેવામાં રહ્યો અને અંદાજે વીસ વર્ષ સુધી વૂઝુ વગેરે કરાવતો રહ્યો પરંતુ તેણે આપને બેહકાવવાનો (                ) કોઈ મૌકો ન મેળવ્યો. જયારે જવા લાગ્યો તો આપથી પુછવા લાગ્યો



શું તમે મને ઓળખી લીધો. ? ઉત્તરમાં ફરમાવ્યું ' મેં તને આવતા જ ઓળખી લીધો હતો કે તું શૈતાન છે ' કહેવા લાગ્યો 'તમારા જેવો પુખ્ત કોઈને ન જોયો. ' આપે ફરમાવ્યું " દૂર થા હે મલ્ઉન! તુ એવું ઈચ્છે છે કે જતા જતા પણ એવી વાત પેદા કરી જાય જેનાથી મારો દીન ખરાબ થાય " એટલે કે મને ખુદ પસંદીમાં નાખી દેવા ઈચ્છે છે.

હઝરત ફુઝૈલ બિન અયાઝ (રહ.) ફરમાવે છે " જો માણસ ચાલીસ વર્ષ સુધી પહોંચીને પણ ગુનાહ નહીં છોડે અને પોતાની શરારતથી તૌબા ન કરે તો શૈતાન તેના ચેહરા પર હાથફેરવે છે અને કહે છે કે, " છુટકારો ન મેળવનાર ચેહરા પર હું કુરબાન છું. "

આની જ તાઈદ કરે છે તે હદીસ જે તબરાનીએ મરફૂઅ નકલ કરી છે કે " જે માણસ ચાલિસ વર્ષની ઉંમરે પહોંચે અને તેના સારા કામો (નેકીઓ) ગુનાહોથી વધારે ન હોય તો તે પોતાની જગ્યા દોઝખમાં બનાવી લેય. "

હઝરત મુહંમદ ઈબ્ને શીરીન (રહ.) ફરમાવે છે કે, "મનુષ્યનું પોતાને લોકોથી મુમ્તાઝ (બીજાથી જુદી જ હાલતમાં) જોવાથી વધારે શૈતાનનો ધોકો કોઈ નથી. કેમકે જયારે તે આ હાલતમાં મરે છે તો જાણે કે તે અલ્લાહ તઆલાના નારાજ હોવાની હાલતમાં મર્યો કોઈ કાર્ય તેને કામ આવશે નહીં. "

હઝરત હબીબ અજમી (રહ.) ફરમાવે છે કે, " જો અલ્લાહ તઆલાએ મને પોતાના સામે ઉભા રાખી આ હુકમ કર્યો કે એક એવો સજદહ લાવ જેમાં નફસ અને શૈતાનનો ભાગ ન

હોય તો હું તને જન્નતમાં દાખલ કરીશ.'' અર્ઝ કરીશ ' હે રબ મને આવો સજદો નસીબ નથી થયો.'

માટે હે મિત્ર ! ચેતી જા અને આ વિચાર નહીં કે શૈતાને તારો પીછો છોડી દીધો છે. જો કે તું બરાબર ઈબાદતમાં પણ કેમ ન લાગેલો હોય. બલ્કે પોતાની ઈબાદતમાં પણ વિચાર અને પ્રપ્તનથી જો !

(સુલૂકો એહસાન ઝુકઅદહ ૧૪૧૮ માર્ચ ૧૯૯૮, પાના ૬૦)

## (૭) ફર્કે મરાતિબ

સલફે સાલિહીનના અખલાકમાંથી એક આ છે કે, લોકાના મરતબાનું (સ્થાનનું) તેમના ઈમાન અને નિફાકના પ્રમાણે ખ્લાય રાખતા. તેમના સમક્ષ મોમિનની હેસયત મુનાફિકથી વધારે હોતી.

હવે જો આ પ્રશ્ન ઉતપન્ન થાય કે તેમને કેવી રીતે ખબર પડતી કે આ મુનાફિક છે ? તેનો ઉત્તર આ છે કે મુનાફિક તે નિશાનીઓથી ઓળખાય છે જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ બયાન ફરમાવી છે. ફરમાવ્યું.

'' મુનાફિકની ત્રણ નિશાનીઓ છે. જયારે વાત કરે જૂઠુ બોલે અને જયારે વાયદો કરે તો તેના વિરૂદ્ધ કરે અને જયારે તેને અમાનદાર બનાવવામાં આવે તો ખિયાનન કરે.'' એક રિવાયતમાં ચાર આદતો બતાવવામાં આવી છે ચોઠી છે '' જયારે જઘડો કરે તો ગાળો દેય.''

આ ઉપરાંત પણ મુનાફિકની બીજી અમુક નિશાનીઓ હદીસ શરીફમાં આવી છે. '' મસ્જિદમાં આળસથી આવે,



નમાઝમાં છેલ્લે આવીને મળે, ન તે કોઈનાથી મોહબ્બત રાખે ન કોઈ તેનાથી મોહબ્બત રાખે, રાત્રે મરેલા જેવો અને દિવસના બેકાર'' આ પ્રકારની બીજી પણ હદીસો છે.

હઝરત માલિક ઈબ્ને દીનાર (રહ.) ફરમાવે છે કે '' મુનાફિકની નિશાની આ છે કે બીજા દિવસના માટે ખાવાનું જમા કરે અને દુનિયાના માટે બીજાથી લડાઈ કરે. પોતે જ પ્રખ્યાત થવાની ઈચ્છા રાખે. એક રિવાયતમાં છે ' મુનાફિકની નિશાની લોકોથી હસદ કરવું છે અને જેણે તેને તકલીફ દીધી હોય અથવા જે તેનાથી દુનિયાની ઈઝઝતમાં વધી ગયો હોય તેનાથી કીનો અને હસદ રાખતો હોય.

હે મિત્ર ! પોતાના દિલની પવિત્રતા કર અને તેને નિફાકથી સાફ કર.

(સુલૂકો એહસાન ઝુકઅકદ ૧૪૧૮ માર્ચ ૧૯૯૮, પાના ૬૪)

## (૮) હસવાનું ઓછુ

સલફે સાલિહીનના અખલાકમાંથી એક આ છે કે, ઘણું જ ઓછું હસતા હતા અને દુનિયાની પ્રાપ્ત થએલી કોઈ વસ્તુ પર ખૂશ ન થતા. બલ્કે અલ્લાહ તઆલાની અર્પણ કરેલી વસ્તુ જેમકે મકાન, સવારી, સ્ત્રી અથવા દુનિયાના હોદ્દાના પ્રાપ્ત થવા પર આ વિચારીને ભય કરતા કે એવું ન થાય કે આખેરતની નેઅમતોનો અમુક ભાગ તેમને આગળ દુનિયામાં જ મળી ગયો હોય જેના લઈ આખેરતનો ભાગ ઓછો થઈ જાય. જે માનવી જેલખાનામાં હોય અને અલ્લાહ તઆલાના દીદાર (દર્શન) થી વંચીત હોય તે કોઈ વસ્તુથી કેમ કરી ખૂશ કે રાજી થઈ શકે છે

જેવી રીતે કોઈ માણસ પોતાના ઘરવાળાથી જુદો થઈને ગોંધાયલો હોય તો તેને ત્યાંની કોઈ વસ્તુથી ખૂશી નથી થતી બલ્કે તે દિલ દુખાયલો રહે છે આવી જ રીતે અલ્લાહવાળા આ દુનિયાના જેલખાનામાં અલ્લાહ તઆલાના દીદાર (દર્શન) થી વંચિત રહેવા પર રંજ અને ગમમાં રહે છે.

હદીસ શરીફમાં આવ્યું છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ફરમાવ્યું " તે ઝાતની કસમ જેના કબઝામાં મારો જાન છે જો તમને તે વાતોની ખબર થઈ જાય જેની મને ખબર છે તો તમો ઓછું હસશો અને ઘણુ જ રડશો અને બિસ્ટરાઓ પર સ્ત્રીઓથી સ્વાદ લેવાનું છોડી દેશો અને અલ્લાહ તઆલાના સમક્ષ રડતા જઈ બહાર મેદાનોમાં નીકળી પડશો. "

હઝરત અબ્દુલ્લા ઈબ્ને મસ્ઉદ (રદિ.) ફરમાવ્યા કરતા કે " તે હસવાવાળા પર આશ્ચર્ય છે જેના પાછળ દોઝખ હોય અને તે ખૂશ થવાવાળા પર હૈરત છે જેના પાછળ મોત લાગેલી હોય. "

હઝરત હસન બસરી (રહ.) ને જે માણસ પણ જોતો તેને આ વિચાર આવતો કે ' તેઓ હમાણાં જ કોઈ મુસીબતથી છુટેલા છે. ' કેમકે વધુ પ્રમાણમાં રંજ અને ખોફ તેમના પર રહેતો.

હઝરત ફુઝૈલ બિન અયાઝ (રહ.) ફરમાવે છે કે 'ઘણા હસનારા એવા છે કે તેમનું કફન ધોબીના પાસેથી આવી ગયુ છે. '

ઈબ્ને મરઝૂક ફરમાવે છે કે ' જે ગુનાહથી રંજીદા હોવાનો દાવેદાર હોય અને પછી તેના સાલન (શાક) માં મધ અને ઘી ભેગુ થાય તો તે જુઠ્ઠો છે. '



હઝરત સાબિત બુનાની (રહ.) ફરમાવે છે કે 'મોમીન ત્યારે જ જોરથી હસે છે જયારે મોતથી ગાફિલ હોય. '

હઝરત સઈદ ઈબ્ને અબ્દિલ અઝીઝ (રહ.) મરવાથી પહેલા ચાલીસ વર્ષ સુધી બિલકુલ હસ્યા નહીં. આ જ હાલત ગરવાન રકાશીની હતી.

હઝરત અનસ બિન માલિક (રદિ.) ફરમાવે છે કે ' દરેક સભામાં હસવાવાળા સાથે શૈતાન હોય છે. '

એક દિવસ અમુક નવયુવાનોના પાસેથી હઝરત મુઆઝહ અદવિય્યહ પસાર થયા તે લોકો હસી રહ્યા હતા અને તેમણે ઉનના કપડા પહેરેલા હતા (જે નેક લોકોનો પોષાક છે.) તો મુઆઝહ કહેવા લાગ્યા " સુબ્હાનલ્લાહ ! પોષાક તો નેક લોકોનો પહેળેલો છે અને હસવું ગાફિલો જેવું. "

હઝરત વહબ બિન વર્દ (રહ.) ફરમાવે છે કે ' હસવું જેમાં ઈસ્રાફ નથી તે છે જેમાં દાંત દેખાય અને અવાજ આવે નહી. અને તે પોષાક જેમા ઈસ્રાફ નથી તે છે જે સતરને ઘાંકે અને ગરમી સરદીથી બચાવે અને તે ખાવુ જેમાં ઈસ્રાફ નથી તે છે જેમાં ભૂખ થંભી જાય અને પેટ ભરવાથી ઓછું હોય. '

હઝરત ઔન ઈબ્ને અબી ઝૈદ (રહ.) ફરમાવે છે કે ' જયારે સહાબામાં (રદિ.) મિઝાહ (આપસમાં દિલલગીની વાતો) શરૂ થયો તો આ આયત ઉતરી " શું ઈમાનવાળાઓ માટે એ સમય નથી આવ્યો કે તેમના અંતઃ કરણ અલ્લાહ તઆલા ની યાદથી અને જે સાચુ દીન ઉતર્યું છે તેથી નરમ થઈ જાય ?" સહાબા (રદિ.) એ ત્યારથી જ દિલલગી કરવાનું છોડી દીધુ આ પ્રકારના ઘણા અસરો (હદીસો) કિતાબુર્રિકાકમાં મનકૂલ છે.

અલ્લાહવાળાઓ અને બીજામાં ફરક કિયામતની તૈયારી કરવું છે.

હે દોસ્ત ! તુ વિચાર અને અલ્લાહ તઆલાથી નઝદીક કરનાર કામોથી ગફલત અને બેદરકારી જે તારી તબીયતમાં પચી ગઈ છે તેના વિશે વિચાર અને તૌબા કર.

વલહમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.

(સુલૂકો એહસાન શા'બાન રમઝાન ૧૪૧૭ હિજરી

પાના–૧૦,૧૧,૧૨ – જાન્યુઆરી / ફેબ્રુઆરી ૧૯૯૭)

## (૯) ગુનાહો પર ખૌફ

સલફે સાલિહીનના અખલાકમાંથી એક આ છે કે, શરૂની (સુલૂકની) અને છેલ્લી હાલતમાં ઘણો જ ખૌફ રાખત હતા, શરૂની હાલતમાં તો પોતાના ગુનાહ અને અઝાબે ઈલાહીના ખ્યાલથી અને છેલ્લી હાલતમાં અલ્લાહ તઆલાના જલાલ અને તઅઝીમ (આદર) ના ખ્યાલથી અને બન્ને હાલતોમાં તેમના ખૌફના સાથે શરમિંદા થવું લાગેલુ હતું.

હદીસ શરીફમાં આવ્યું છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહું અલયહિ વસલ્લમએ પોતાની ફોઈ હઝરત સફિય્યહ (રદિ.) અને બેટી હઝરત ફાતિમહ (રદિ.) ને ફરમાવ્યું " હે સફિય્યહ ! અલ્લાહ તઆલાના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ફોય ! અને હે ફાતિમહ ! મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બેટી ! તમો બન્ને પોતે પોતાને દોઝખના અઝાબથી બચાવો કેમકે હું અલ્લાહ તઆલાના અઝાબથી તમને બન્નેને (બચાવવા માટે) કઈ પણ કામ નથી આવી શકતો. "



હદીસ શરીફમાં આ પણ આવ્યું છે કે ' નેકી જુની નથી થતી અને ગુનાહ મગજથી નથી ઉતરતો અને ન્યાય ફના નથી થતો. તું જેવું ઈચ્છે કર જેવું કરશે તેવું ભરશે. '

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે ' ચાર વસ્તુઓ છે કે માણસ જયારે તેમાં વધારો કરશે તો તે તેને હલાક કરી દેશે જિમાઅ (સંભોગ), શિકાર, જુગાર અને બીજા ગુનાહો.'

અબૂ તુરાબ નખશબી (રહ.) ફરમાવે છે કે જયારે માણસ ગુનાહોને છોડવાનો પાકો ઈરાદો કરી લેય તો અલ્લાહ તઆલાની મદદ તેને દરેક બાજુથી મળે છે.

દિલના કાળા પડવાની ત્રણ નિશાનીઓ છે. પ્રથમ તો આ કે ગુનાહોથી દિલ ગભરાય નહીં. બીજુ એ કે ઈતાઅતના તરફ તબીયત લાગે નહીં ત્રીજુ એ કે વાઅઝનો અસર દિલ પર થાય નહીં.

અબૂ મુહંમદ વઝી (રહ.) ફરમાવે છે કે " ઈબ્લીસ પાંચ વસ્તુઓના લઈ બદનસીબ થયો. પ્રથમ તો એ કે તેણે ગુનાહનો ઈકરાર ન કર્યો બીજુ એ કે તે ગુનાહ પર પછતાયો નહી. ત્રીજુ એ કે તેણે પોતાના નફસને મલામત કરી નહીં, ચોથું એ કે તેણે તૌબા ન કરી અને પાંચમુ એ કે તે અલ્લાહ તઆલાની રહમતથી માયૂસ થઈ ગયો." અને આ પણ ફરમાવ્યું કે "હઝરત આદમ (અલૈ.) એ એના વિરૂદ્ધ કર્યું અને પાંચ વસ્તુઓના લઈ નેક નસીબાવાળા બન્યા પ્રથમ તો આ કે તેમણે પોતાના ગુનાહોનો (જે તેમના મરતબા પ્રમાણે ગુનોહ હતો) ઈકરાર કર્યો, બીજુ આકે ગુનાહ પર પછાતાયા, ત્રીજુ આ કે પોતાના નફસ પર મલામત કરી, ચોથુ આ કે તેમણે તરત જ તૌબા કરી, પાંચમું આ

કે અલ્લાહ તઆલાની રહમતથી નાઉમ્મીદ થયા નહીં. ''

હઝરત હાતિમ અસમ (રહ.) ફરમાવે છે કે '' જયારે તમો કોઈ કુસૂર કરો તો જલ્દીથી તૌબા કરી લો અને લોકોના સામે મઅઝેરત રજૂ ન કરો કેમકે લોકોના સામે મઅઝેરત રજૂ કરવું ગુનાહથી પણ બદતર છે. ''

હઝરત અહમદ ઈબ્ને હર્બ (રહ.) ફરમાવે છે કે '' શું હજુ સુધી ગુનહગારના માટે તૌબાનો સમય નથી પાકયો જો કે ગુનાહો આમાલનામામાં લખાય ચુકયા છે અને કાલે તે કબરમાં મુસીબત ઉઠાવશે અને ફરિશ્તાઓ તેને આગના તરફ લઈ જતા હશે. ''

હઝરત જઅફર બિન મુહંમદ (રહ.) ફરમાવે છે કે 'જેને અલ્લાહ તઆલાએ ગુનાહોની ઝિલ્લતથી છોડાવ્યો તો જાણે કે તેને વિનામાલે માલદાર બનાવ્યો અને વિનાખાનદાને ઈઝઝતવાળો બનાવ્યો અને વિના સાથીએ તેને માનૂસ કર્યો.

હઝરત યાહયા ઈબ્ને મુઆઝ (રહ.) ફરમાવે છે કે 'દિલની સફાઈ ગુનાહોથી બચાવના પ્રમાણમાં થાય છે. '

હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે ' ગુનાહોમાં ડુબવાની નિશાની રોઝા રાખવા અને રાત્રીએ જાગવા પર દિલનુ ખૂશ ન થવુ છે. '

હઝરત મુહંમદ વાસિઅ (રહ.) પોતાના મિત્રોને ફરમાવ્યા કરતા હતા કે ' હું ગુનાહોમાં દૂબી ચુકયો છું જો તમને મારા ગુનાહોની દુર્ધન ખબર પડી જાય તો કોઈ પણ મારા પાસે ન બેસે '



હઝરત કઅબ ઈબ્ને અહબાર (રહ.) ઈન્ન ઈબ્રાહીમ લ અવ્વહુન હલીમ ની તફસીરમાં ફરમાવે છે કે ' હઝરત ઈબ્રાહીમ (અલૈ.) ફરમાવ્યા કરતા હતા કે પહેલાથી હાલ સુધી પણ રડયા કરું છું અને જે સમયે રડવું ફાયદો ન આપશે તે પહેલા પણ રડીશ. ' (રડીને દુઆ કરીશ.)

હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે ' અલ્લાહ તઆલાએ મુજરિમો (ગુનહગારો) ને દુનિયા અને આખેરતમાં ઝલીલ કરવાનો પાકો ધ્યેય કરી લીધો છે. મનુષ્ય રાત્રે કોઈ પણ ગુનોહ કરે સવારે તેના ચહેરા પર ઝિલ્લત હોય છે. '

અવામ ઈબ્ને હવશબ (રહ.) ફરમાવે છે કે '' ગુનાહના પછી ચાર વસ્તુઓ એવી છે જે ખરાબ છે પ્રથમ તો એ કે ગુનાહને છોડવાના પાકા નિર્ણય વિના તૌબા કરવું, બીજું એ કે અલ્લાહ તઆલાના હુકમ પર ઘમંડ કરવું, ત્રીજું એ કે ગુનાહને વારં વાર કરવું, ચોઠું એ કે ગુનાહના પછી નેક કામ કરવાથી ગુનાહની માફી પર ખૂશ થવું. જો કે કદી એવું થાય છે કે અલ્લાહ તઆલા નેકીનાં લઈ ગુનાહ માફ નથી કરતો. ''

હઝરત સુફયાન ઈબ્ને ઉય્યનહ (રહ.) થી કોઈએ પુછયું કે '' ફરિશ્તાઓ માણસના ખ્યાલ અને ઈરાદાઓને કેવી રીતે લખે છે જે હજુ કાર્યમાં પણ નથી આવ્યા ? ઉત્તર આપ્યો '' કિરામન કાતિબીન ગૈબ જાણતા નથી પરંતુ મનુષ્ય જયારે નેકીનો કસદ (પોકો ઈરાદો) કરે છે તો તેના મોંથી કસ્તૂરીની ખૂશ્બુ આવે છે તો ફરિશ્તાઓ જાણી લે છે કે તેણે નેકીનો ઈરાદો કર્યો છે અને જો બુરાઈનો કસદ ( પોકો ઈરાદો) કરે છે તો તેનાથી દુર્ગંધ આવે છે તો તેઓ જાણી લે છે કે તેણે ખરાબ ઈરાદો કર્યો. ''

હું કહું છું ‘ કસદ (ના શબ્દથી) તે પાકો ઈરાદો મુરાદ છે કે જે હદીસ અને શરીઅતના કાયદા પ્રમાણે થઈ જાય ! અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

હઝરત બિશરેહાફી (રહ.) ફરમાવે છે કે ‘ અમે એવા લોકો જોયા છે જેમના અમલો પહાડો જેવા હતા છતા તે લોકોના અંદર ઘમંડ ન હતો અને તમે લોકો એવા છો કે તમારા અમલો પણ નથી છતા તમે લોકો ઘમંડી છો. અને આપણા શબ્દો તો ઝાહિદો (દુનિયાને ત્યાગનાર) જેવા છે અને આમાલ મુનાફિકો જેવા.

રુબૈઅ બિન ખૈશમ (રહ.) બકરા ઈદના જયારે કુરબાની કરતા તો ફરમાવતા ‘ તારી ઈઝઝત અને જલાલની કસમ, જો મને ખબર હોતે કે તારી ખૂશી મને પોતાને ઝબહ કરવામાં છે તો હું પોતે કુરબાન થઈ જતે.

રિવાયત છે કે કહમશ બિન હસન ચાલીસ વર્ષો સુધી લગાતાર રડતા રહ્યા અને તે આ ગુનાહ પર કે તેમણે પરવાનગી વિના પાડોસીની માતીથી હાથ સાફ કર્યા હતા. અને ફરમાવતા હતા કે ‘ જયારે તમારામાંથી કોઈ માણસનો ગુનોહ જુનો થઈ જાય તો તે એવું વિચારે છે કે તેનો ગુનોહ સાફ થઈ ગયો આ એક ધોકો છે. ’

રિવાયત છે કે હઝરત દાવુદ (અલૈ.) પર અલ્લાહ તઆલાએ વહી મોકલી કે “ બની ઈસ્સરાઈને કહી દો કે તમને કેવી રીતે ખબર પડી કે મેં તમારા ગુનાહોને માફ કરી દીધા છે કે તમેં પછતાવાનું પણ છોડી દીધું. મારી ઈઝઝત અને જલાલની કસમ હું દરેકને કિયામતના દિવસે તેનો ગુનોહ બતાવીશ. ”



હું કહું છુ કે “ ગુનોહ બતાવવાથી મુરાદ કદાચ આ છે કે અલ્લાહ તઆલા તેને ગુનાહોની ખબર કરશે જેથી તેને પોતાનો ફઝલ બતાવે અનાથી માફ ન કરવું એમ માલમ નથી પડતું. ” અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

હઝરત યઝીદ બિન હુમૈરી (રહ.) ફરમાવે છે કે “ મેં એક રાહિબથી કહયું તમે સફેદ છોડી કાળા પોષાકને કેમ અપનાવ્યો ? તેણે ઉત્તર આપ્યો “ કેમકે એ મુસીબતવાળાની નિશાની છે અને અમે ગુનહગાર છીએ, ગુનાહોથી વધીને કઈ મુસીબત હોઈ શકે છે ? ”

એક દિવસ ઉત્બા ગુલામ એક મકાનના પાસેથી પસાર થયા તો ધ્રુજવા લાગ્યા અને પસીનો આવી ગયો. લોકોએ તેનું કારણ પુછયું તો ઉત્તર આપ્યો કે “ આ તે સ્થળ છે જયાં મે નાનપણમાં ગુનોહ કર્યો હતો. ”

હઝરત માલિક બિન દીનાર (રહ.) એ બસરાથી પેદલ (પગપાળા) ચાલીને હજ કરી તો કોઈએ આપને સવારી પર સવાર થવા કહ્યું તો ફરમાવવા લાગ્યા “ શું નાસી ગયેલો દાસ પોતાના માલિક પાસે ચાલતા આવવું પસંદ નથી કરતો ? અલ્લાહની કસમ હું આગના ઈંગારાઓ પર ચાલીને આવતે તો પણ ઓછું હતું. ”

હે મિત્ર ! ગુનોહ જુનો થઈ જાય તો તૌબાથી બેફિકર ન થા. ગુનોહ થઈ જવાનું તો તને યકીન છે પરંતુ તેના માફ થવાનું તને યકીન નથી. રાત દિવસ વધારે ને વધારે તૌબા કર.

(સુલૂકો એહસાન શાબાન + રમઝાન ૧૪૧૭ હિજરી)

(જાન્યુઆરી + ફેબ્રુઆરી ૧૯૯૭ પાના ૧૫ થી ૧૮)

## (૧૦) જનાઝાથી ઈબ્રત

સલફે સાલિહીનના અખલાકમાંથી એક આ છે કે, જે કામોમાં ઘમંડની ગંધ પણ હોય તેનાથી અલગ રહેતા જેમકે બાળકોના જનાઝામાં ન જવું અથવા પોતાના નોકર કે દાસના જનાઝા સાથે ન જવું અને તે બીમાર થાય તો તેમની ખબર ન લેવી.

તેમનામાંથી કોઈ જનાઝામાં જતો તો પોતાની કોતાહીઓ અને ગુનાહો પર શરમિંદા થતો.

હદીસ શરીફમાં આવ્યું છે " મૌત પૂરતો સમજાવનાર છે."

ઉપરાંત જનાઝાના રસ્તામાં કોઈ દુનિયાની વાતો ન કરતા બલ્કે જાઈઝ વાતોથી પણ બચતા. ન કરવા જેવી વાતોની તો વાત જ અલગ રહી.

આ આદત આજ કાલ બિલકુલ ખતમ થઈ ગઈ છે. વધુ પડતા લોકો જનાઝાથી ઈબ્રત પકડતા નથી.

સલફે સાલિહીન જયારે જનાઝાના સાથે જતા તો મૌત અને કબ્રના અઝાબના વિચારોમાં ડૂબી જતા. તેઓમાંથી અમુક અમુક તો લગાતાર ઘણા દિવસો સુધી હેરાન રહેતા અને ચેહરાથી ગમ દેખાતો.

હઝરત યહયા કસીર (રહ.) જયારે કોઈ જનાઝાના સાથે જતા તો આવતી વખત લોકો તેમને ખાતલા પર પાછા લાવતા. ચાલવાની કે સવારી પર બેસવાની તાકાત ન રહેતી. અને ઘણા દિવસો એ હાલતામાં રહેતા કે સખ્ત ગભણામણના



લીધે વાત પણ ન કરી શકતા. લોકો પહેલા જનાઝાના પાસે અવાજ નીચો (ઓછો) રાખવાને સારુ સમજતા હતા અને જે જોરથી બોલતો તેને ખીજવાતા અને કહેતા " તું કઠણ દિલ છે તારી નજરમાં મૌત ઈબ્રતની વસ્તુ નથી."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ (રદિ.) એ એક માણસને જનાઝાના પાસે હસતો જોયો તો તેમના પર ખીજવાયા અને ઘણા દિવસો સુધી તેના સાથે બોલ્યા નહીં.

હઝરત હસન બસરી (રહ.) એ એક માણસને કબ્રસ્તાનમાં ખાતો જોયો તો તેના પર ગુસ્સે થયા અને કહ્યું ' તું મુનાફિક છે.'

હઝરત હાતિમ અસમ (રહ.) ફરમાવે છે ' દિલના ઈલાજના (દવાના) માટે જનાઝામાં શામિલ થવું જરૂરી છે.

હઝરત ઈબ્રાહીમ ઝય્યાત (રહ.) જયારે કોઈને મય્યિત પર રડતા જોતા તો ફરમાવતા ' હે મિત્ર ! તું પોતાના ઉપર રડ, અને પોતાના ઉપર રહમ કર, કેમકે મય્યિત તો ત્રણ મુસીબતોથી છુટકારો પામી ચુકી છે. (૧) મલિકુલ મૌતને જોવું (૨) મૌતની તકલીફને વેઠવું (૩) બુરા અંજામના ખૌફથી બચવું અને તારા માટે હજુ આ બધુ બાકી છે.

(સુલૂકો એહસાન ૧૪૧૮ માર્ચ ૧૯૯૮, પાના–૬૨)

## (૧૧) મૌતને પ્રિય રાખવું

સલફે સાલિહીનના અખલાકમાંથી એક આ છે કે જયારે એવી વસ્તુઓને પોતાના બાજુ આવતી જોતા જેમાં અલ્લાહ તઆલાની નારાઝગી હોય તો મૌતની આરજુ કરતા અને તે આવનાર વસ્તુઓને નિશાનીઓ ઈશારાઓ અને ગુપ્ત માહિતીઓથી માલૂમ કરતા જેમકે ના જાઈઝ કામોની શરૂની વસ્તુઓ વગેરે.

હઝરત આબિસ ગફફારી (રહ.) તાઉનના યુગમાં ફરમાવ્યા કરતા હે તાઉન ! મને ઉંચકી લે, અને વારં વાર કહેતા તો તેમના પીતરાઈએ કહ્યું હે આબિસ ! આ તમો કેવી રીતે કહો છો જો કે તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની આ હદીસ સાંભળી છે. " તમારામાનો કોઈ મૌતની આરજુ કરે નહીં કેમકે એનાથી તેનો અમલ તુટી જાય છે. " તો આ વિસે ઉત્તર આપ્યો હા ! મેં સાંભળ્યું છે પરંતુ હું છ વસ્તુઓથી ડરું છું જે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી સાંભળી છે કે આપ સલ્લલ્લાહુ અલયહી વસલમ પોતાની ઉમ્મત પર તે વસ્તુઓનો ખોફ કરતા હતા.

(૧) નાલાયકોનું હાકિમ બનવું (૨) પોલિસવાળાઓનું વધારે હોવું (૩) હુકમને વેચવું (૪) સગાઈને તોડવું (૫) હત્યાને મામૂલી સમજવું (૬) તે નવા લોકો જે કુર્આનને રાગ બનાવશે અને તેઓ એવા લોકોને ઈમામ બનાવશે જે દીનમાં વધારે સમજદાર નહીં હશે. પરંતુ તેમને આગળ કરી દેશે જેથી તે તેમને રાગ સાંભળાવે.



હઝરત અબૂ હુરૈરહ (રદિ.) ફરમાવે છે કે 'નજીકમાં જ લોકો પર તે સમય આવશે કે તેમાં ઉલમા સમજ્ઞ મૌદ્ધ સત સોનાથી પણ શ્રેષ્ઠ હશે અહીં સુધી કે માનવી પોતાના ભાઈની કબર પાસેથી પસાર થશે અને કહેશે " કાશ આ જગ્યા મારી હોતે"

હઝરત સુફયાને સૌરી (રહ.) ફરમાવે છે કે ' અમે એવા બુઝુર્ગો (મશાઈખ) જોયા છે જેઓ મૌતની આરજુ કરતા હતા અને હું તેમની આરજુને આશ્ચર્યથી જોતો હતો અને હવે હું તે લોકો પર આશ્ચર્ય કરું છું જે મૌતના ઈચ્છનાર નથી. '

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ (રદિ.) ફરમાવે છે કે " દુનિયાની સફાઈ જતી રહી અને કદૂરત (દિલનો મેલ) રહી ગઈ માટે આજે દરેક મુસલમાન માટે મૌત એક તોહફો છે. "

હઝરત ઉમર ઈબ્ને અબ્દિલ અઝીઝ (રહ.) ફરમાવે છે કે ' મને નઝઅ (જાન નિકળતા સમયે) ઓછી તકલીફ થવું પસંદ નથી કેમકે તે છેલ્લી મુસીબત છે જેના પર મોમિનને સવાબ મળશે. '

હઝરત અબૂ ઉત્બા ખવ્લાની (રહ.) ફરમાવે છે કે " સહાબા (રહ.) ની આદત હતી કે અલ્લાહ તઆલાની મુલાકાતને મધથી વધારે મીઠી સમજતા અને દુનિયાની તંગીથી ગભ્રાતા નહીં. બલ્કે અલ્લાહ તઆલાની રઝઝાકી (રોજી આપવાની કુદરત) પર પુખ્ત યકીન રાખતા હતા અને જેવી રીતે તમે લોકો તંદુરુસ્તીને સારી સમજો છો તેના કરતા વધુ તે લોકો મૌતને સારી સમજતા હતા."

હઝરત અબ્દુલ્લા ઈબ્ને મુબારક (રહ.) ફરમાવે છે કે મેં સહલ તસ્તરી (રહ.) થી પુછ્યું કે " શું તમને આ પસંદ છે કે કાલે તમો મરી જાવ ? " ઉત્તર આપ્યો " કાલે નહીં ! બલ્કે હમણા જ મરવું પસંદ કરું છું "

હઝરત ફુઝૈલ બિન અયાઝ (રહ.) ફરમાવે છે કે "મુસીબતવાળા પર રહમ ખાવ, કેમકે બની શકે છે કે તમારો ગુનોહ તેમનાથી વધેલો હોય અને તમને પણ આ જ કે એનાથી મોટી સજા થાય. " આપ વધુ પડતુ કેદીઓને ખાવાનું તથા પૈસા વગેરે મોકલાવ્યા કરતા હતા અને ફરમાવતા તેઓ ફકીર છે "

હઝરત સહલ ઈબ્ને સઅદ તસ્તરી (રહ.) ફરમાવે છે કે ' દીન અને દુનિયાના કામોથી ફુરસદ સખ્ત મુસીબત છે પરંતુ ઘણાં જ ઓછા લોકો એને મુસીબત સમજે છે. '

હઝરત મુસ્લિમ બિન કુતૈબહ (રહ.) ફરમાવે છે કે " લોકોની તકલીફ આપવા પર સબર કરવું સૌથી ઉત્તમ નેકી છે અમે એવા લોકોને જોયા છે જે સરદારીને સૌથી મોટી મુસીબત સમજતા હતા. અને હવે એવા લોકો છે જે પોતે હુકૂમત ઈચ્છે છે. તે લોકો એવા હતા કે જયારે તેમનો કોઈ મિત્ર હાકિમ (પ્રધાન, રાજા) હોતો તો દુઆ કરતા કે, હે અલ્લાહ ! તેના દિમાગથી (ખ્યાલથી) અમને ભુલાવી દે કે ન અમે તેને યાદ કરીએં અને ન તે અમને યાદ કરે. " મેં શૈખ અલી ખવાસ (રહ.) થી સાંભળ્યું છે કે ' ઈલ્મ અને અમલમાં રિયા કરવું (દેખાવ કરવું) માનવીના માટે સૌથી મોટી મુસીબત છે પરંતુ આ ઘણા ઓછા લોકોને ખબર હોય છે. '



હે મિત્ર ! આને યાદ રાખ અને પોતાનામાં વિચાર અને આવી વાત કહેવાથી બચ જે અમુક અલ્લાહવાળાઓ મુસીબતના સમયે કહે છે " હે અલ્લાહ જો આ મુસીબતમાં તારી ખુશી છે તો એને હજુ વધારે કઠણ કરી દે " કેમકે મુસીબત વેઠનારા ફકત નબીઓ (અલૈ.) જ છે.

હઝરત ઈમામ શાફિઈ (રહ.) બવાસીરની બીમારીમાં સપડાયલા હતા. રાત દિવસ લોહિ વહેતુ હતું. આપ હદીસ પઢાવવા બેસતા તો આપના નીચે એક વાંસણ મુકવામાં આવતું જેમાં ટીપૂ ટીપૂ લોહિ પડતું રહેતુ. એક દિવસ આપે ફરમાવ્યું ' હે અલ્લાહ ! જો તુ આમાં રાજી છે તો એને હજુ વધારે કરી દે. ' બસ આ વાત તેમના ઉસ્તાદ મુસ્લિમ બિન ખાલિદ ઝંજીએ સાંભળી લીધી, આપના પર ગુસ્સે થયા અને કહ્યું " હે મુહંમદ ! આમ કહો નહીં બલ્કે અલ્લાહ તઆલાથી આફિયત માંગો. હું અને તમો મુસીબત વેઠી સકીએં એવા નથી. "

હઝરત અબૂબક્ર સિદીક (રદિ.) પોતાના ખુત્બામાં ફરમાવ્યા કરતા હતા " હે લોકો ! અલ્લાહ તઆલાથી આફિયત માંગો અને આફિયત ઈચ્છાનાર રહો કેમકે ઈસ્લામના પછી મોમિનના માટે મગફેરત અને આફિયતથી વધીને કોઈ નેઅમત નથી. વલહમ્દુલિલ્લાહી રબ્બિલ આલમીન..

(સુલૂકો એહસાન શા'બાન રમઝાન ૧૪૧૭ હિજરી પાના ૧૨ થી ૧૫ )